# ભારતીય શાસ્ત્રોમાંથી શિખામણો

## શ્રીભગવદ્ ગીતામાંથી ત્રણ શ્લોક

### કૃષ્ણ જન્માષ્ટમી અને ગોપાલકાલાના સન્માનમાં

### ‘મંદિરમાં રહો’ સત્સંગ

### ૧૨ ઑગસ્ટ, ૨૦૨૦

અધ્યાય ૨, શ્લોક ૪૭

તમારો અધિકાર કર્મ કરવામાં જ છે, તેનાં ફળોમાં નથી. તમારો ઉદ્દેશ્ય, કર્મોનાં ફળની પ્રાપ્તિ કદાપિ ન હોવો જોઈએ અને કર્મ ન કરવામાં પણ તમારી આસક્તિ ન રહે.

અધ્યાય ૨, શ્લોક ૨૦

આ આત્માનો નથી ક્યારેય જન્મ થતો કે નથી તેનું મૃત્યુ થતું. તેનું અસ્તિત્વ સદૈવ છે અને સદૈવ રહેશે. આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થઈ જાય તોપણ તેનો નાશ નથી થતો.

અધ્યાય ૬, શ્લોક ૫

મનુષ્યે સ્વયં પોતાના દ્વારા પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ; મનુષ્યે પોતાની અધોગતિ ન કરવી જોઈએ; કારણકે મનુષ્ય સ્વયં જ પોતાનો મિત્ર બની શકે છે અને સ્વયં જ પોતાનો શત્રુ બની શકે છે.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.